

# ગિજુભાઈની બાલવાર્તાઓ

ગિજુભાઈ બધેકા

સંપાદક

ગોપાલ મેઘાણી

મહેન્દ્ર મેઘાણી

લોકમિલાપ























જાહેરાત આપવા માટે કોલ
Mo. 9909606825

આપના શહેર ના ન્યૂઝ પેપરો WHATSAPP માં મેળવવા માટે
"HI" લખી અમારો મોબાઇલ નંબર
95 37 37 57 69 પર વોટ્સેપ મેસેજ કરો
























આવૃત્તિ 1 : 2012
પુનર્મુદ્રણ : 2012
કુલ નકલ : 10,000

**રૂ. 5**

100 નકલ : **રૂ. 4** લેખે; 1,000 નકલ : **રૂ. 3** લેખે
[+ રવાનગી-ખર્ચ]

પ્રકાશક : ગોપાલ મેઘાણી

**લોકમિલાપ**

પો૦ બો૦ 23 (સરદારનગર), ભાવનગર 364001
e-mail : lokmilap@gmail.com ● ફોન : (0278) 256 6402

અક્ષરાંકન : શારદા મુદ્રણાલય, અમદાવાદ. ફોન : 2656 4279

મુદ્રણ : પ્રતિભા ઑફસેટ પ્રિન્ટર્સ, ભાવનગર. ફોન : 94262 07609

# વાર્તાના ધોધમાંથી વીણેલી

આઠેક દાયકા પહેલાં ગિજુભાઈ બધેકાએ ભાવનગરના દક્ષિણામૂર્તિ બાલમંદિરની ટેકરી પરથી બાલસાહિત્યનો જે ધોધ ગુજરાતમાં વહેતો મૂક્યો હતો, તેની તોલે આવે એવું બીજા કોઈ લેખક પાસેથી હજી આપણને મળ્યું નથી. 1989માં ગિજુભાઈના અવસાનને પચાસ વરસ વીતી ગયાં અને કોપીરાઇટના કાયદા મુજબ તેમનાં લખાણો સમાજની માલિકીનાં બન્યાં. આમ કાયદાથી જે મહામૂલો વારસો ગુજરાતી પ્રજાને સાંપડ્યો, તેનાથી વંચિત કોઈ ગરીબ કુટુંબનું બાળક પણ ન રહે તેવી હોંશથી ગિજુભાઈની સોળ વીણેલી બાલવારતાઓના, સાવ નજીવી કિંમતવાળા, નાના સંચયની દોઢ લાખ નકલો લોકમિલાપ તરફથી પ્રગટ થયેલી. તેમાં સાત વરસ સુધીનાં નાનાં બાળકો પણ માણી શકે તેવી વારતાઓ મૂકેલી. તે પછી, આઠથી ચૌદ વરસનાં બાળકોને વધુ રસ પડે તેવો ગિજુભાઈની અઢાર બાલવાર્તાઓનો બીજો ભાગ પણ બહાર પડેલો. એ બેય ભાગની વારતાઓ પૈકી 9 ચૂંટીને આ ખીસ્સાપોથીમાં રજૂ કરી છે. નાનાં બાળકોને તે વાંચી સંભળાવવાની હોંશ વડીલોને થશે, એવી શ્રદ્ધા છે. બાળકોને કહેતાં કહેતાં મોટેરાંઓ પણ આ વારતાઓ માણ્યા વગર નહીં રહે.

**સંપાદકો**

# કોઈ ન કરી શકે

બાદશાહ કહે : ‘‘હેં બીરબલ ! બીજા કોઈથી થાય નહીં એવું કામ કોણ કરી શકે ?’’

બીરબલ કહે : ‘‘સાહેબ ! નાનાં છોકરાં.’’

બાદશાહ કહે : ‘‘ઠીક ગપ્પો લગાવ્યો !’’

બીરબલ કહે : ‘‘ત્યારે જોજો કોઈ વાર !’’

બાદશાહ કહે : ‘‘ઠીક ત્યારે.’’

બાદશાહ તો બીરબલની સાથે થયેલી વાત ભૂલી ગયો.

એક દિવસ બીરબલ તો શેરીમાં ગયો. જઈને કહે : ‘‘એલાં છોકરાંઓ ! આંહીં આવો.’’

ત્યાં તો છોકરાંની ટોળી આવીને ઊભી રહી.

‘‘એલાં, એક કામ કરશો ?’’

‘‘હા, હા; જે કહો તે કરીએ.’’

‘‘જાઓ ત્યારે – આ ગઢ છે ને, એની પાસે ધૂળનો ઢગલો કરવા માંડો. જોજો, જે એક ધાબળી ધૂળ નાખે એને એક પાઈ, અને બે નાખે એને બે પાઈ આપીશ.’’

છોકરાંની જાત ! એક, બે, ત્રણ, ચાર... એમ કરતાં આખી શેરીનાં છોકરાં ભેળાં થયાં. એ

તો ધાબળીએ ધાબળીએ માંડ્યાં ધૂળ નાખવા. ત્યાં તો બીજી શેરીનાં છોકરાં આવ્યાં, ત્યાં ત્રીજી શેરીનાં આવ્યાં... ને ત્યાં તો આખા ગામનાં છોકરાં આવ્યાં.

બીરબલ તો એકેક પાઈ આપતો જાય ને કહેતો જાય : ''હમ્ મારા બાપા, હમ્ મારા બાપા – થાવા દ્યો !''

છોકરાં એટલે તો કટક ! ઘડીક થઈ ત્યાં તો મોટો ઉકરડા જેવડો ઢગલો થઈ ગયો. ને બે ઘડી થઈ ત્યાં તો ધૂળનો ધફ્ફો ગઢને કાંગરે પહોંચ્યો !

બીરબલ કહે : ''હવે બધાં ખૂંદીને કરો રસ્તા જેવું.''

છોકરાંને તો એ જ જોઈતું હતું ! એ તો માંડ્યાં ખૂંદવા. ઘડીકમાં તો રસ્તો થઈયે ગયો. શેરીમાંથી ઠેઠ ગઢ ઉપર જવાય એવો રસ્તો બની ગયો !

બીરબલ કહે : ''હવે બસ.''

પછી બીરબલે હાથીથાનમાંથી એક હાથી મંગાવ્યો. હાથીના માવતને કહે : ''આ રસ્તા ઉપરથી હાથીને ગઢ ઉપર ચડાવી દે.''

રસ્તો બરાબર હતો, એટલે હાથી ગઢ ઉપર ચઢી ગયો. ગઢ ઉપર હાથી ઊંચે દેખાયો; બધાં જોઈ રહ્યાં.

બીરબલ કહે : ''એલાં છોકરાંઓ ! આ ધફ્ફો હવે વીંખી નાખો ને ધૂળ બધી શેરીમાં પાછી

પાથરી દ્યો. જેવું હતું તેવું કરી દ્યો. એક એક ધાબળી ને એક એક પાઈ !''

છોકરાં તો ઊપડ્યાં. પાઈ લેતાં જાય ને ધાબળી ધૂળ ફેંકતાં જાય. છોકરાં મંડ્યાં, પછી કેટલી વાર ?

ઘડીકમાં તો હતું તેવું થઈ ગયું. જાણે ધૂળનો ધફ્ફો હતો જ નહિ ! કોઈને ખબરેય ન પડે કે હાથી ગઢ પર શી રીતે ચડ્યો હશે.

બીરબલ કહે : ''એલાં છોકરાંઓ ! હવે ચાલ્યાં જાઓ; હું બોલાવું ત્યારે પાછાં આવજો.''

છોકરાં બધાં ચાલ્યાં ગયાં. બીરબલે બાદશાહને બોલાવ્યો. બાદશાહ તો ગઢ ઉપર હાથી જોઈને દિંગ જ થઈ ગયો !

બાદશાહ કહે : ''હેં બીરબલ ! આ હાથી ત્યાં શી રીતે ચડ્યો ?''

બીરબલ કહે : ''સાહેબ ! નાનાં છોકરાંએ ચડાવ્યો.''

બાદશાહ કહે : ''શી રીતે ?''

બીરબલે બધી વાત કરી. બાદશાહ ખુશ થયો. ખાધું પીધું ને રાજ કર્યું –

પણ પેલો હાથી નીચે ઊતર્યો કે નહિ ?

ઊતર્યો જ તો !

કેવી રીતે ?

પાછાં બીરબલે છોકરાંને બોલાવ્યાં ને ધૂળનો ઢગલો કરાવીને હાથીને હેઠે ઉતાર્યો.

વાહ, આ તો ભારે ગમ્મત !

❀

## દલો તરવાડી

એક હતો તરવાડી. એનું નામ દલો. દલા તરવાડીની વહુને રીંગણાં બહુ ભાવે. એક દિવસ એણે દલાને કહ્યું : ''તરવાડી રે તરવાડી !''

તરવાડી કહે : ''શું કહો છો, ભટ્ટાણી ?''

ભટ્ટાણી કહે : ''રીંગણાં ખાવાનું મન થયું છે. રીંગણાં લાવો ને, રીંગણાં !''

તરવાડી કહે : ''ઠીક.''

તરવાડી તો હાથમાં ખોખરી લાકડી લઈ ઠચૂક ઠચૂક ચાલ્યા. નદીકાંઠે એક વાડી હતી ત્યાં ગયા; પણ વાડીએ કોઈ ન હતું. તરવાડીએ વિચાર કર્યો કે, હવે કરવું શું ? વાડીનો ધણી અહીં નથી અને રીંગણાં કોની પાસેથી લેવાં ?

છેવટે તરવાડી કહે, વાડીનો ધણી નથી, તો વાડી તો છે ને ? ચાલો, વાડીને જ પૂછીએ !

દલો કહે : ''વાડી રે બાઈ વાડી !''

વાડી કાંઈ ન બોલી એટલે પોતે જ બોલ્યો : ‘‘શું કહો છો, દલા તરવાડી ?’’

દલો કહે : ‘‘રીંગણાં લઉં બેચાર ?’’

ફરી વાડી ન બોલી, એટલે વાડીને બદલે દલો કહે : ‘‘લે ને દસ-બાર !’’ દલા તરવાડીએ રીંગણાં લીધાં અને ઘેર જઈ ઓળો કરીને તરવાડી તથા ભટ્ટાણીએ ખાધો.

હવે તો ભટ્ટાણીને રીંગણાંનો સ્વાદ લાગ્યો, એટલે તરવાડી રોજ વાડીએ આવે ને ચોરી કરે. વાડીમાં તો રીંગણાં ઓછાં થવા લાગ્યાં. વાડીના ધણીએ વિચાર કર્યો કે, જરૂર કોઈ ચોર લાગે છે; તેને પકડવો જોઈએ.

એક દિવસ સાંજે વાડીનો માલિક ઝાડ પાછળ સંતાઈને ઊભો. થોડી વારમાં દલા તરવાડી આવ્યા અને બોલ્યા : ‘‘વાડી રે બાઈ વાડી !’’

પછી વાડીને બદલે પોતે જ કહે : ‘‘શું કહો છો, દલા તરવાડી ?’’

દલો કહે : ‘‘રીંગણાં લઉં બેચાર ?’’

અને વાડીને બદલે વળી દલો કહે : ‘‘લે ને દસ-બાર.’’

દલા તરવાડીએ તો ફાંટ બાંધીને રીંગણાં લીધાં. અને જ્યાં ચાલવા જાય છે ત્યાં તો વાડીનો ધણી ઝાડ પાછળથી નીકળ્યો ને કહે : ‘‘ઊભા રહો, ડોસા ! આ રીંગણાં કોને પૂછીને લીધાં ?’’

દલો કહે : ‘‘કોને પૂછીને કેમ ? આ વાડીને પૂછીને લીધાં !’’

માલિક કહે : ‘‘પણ વાડી કાંઈ બોલે છે ?’’

દલો કહે : ‘‘વાડી નથી બોલતી, પણ હું તો બોલ્યો છું ના ?’’

માલિક બહુ ગુસ્સે થયો અને દલા તરવાડીને બાવડે ઝાલી એક કૂવા પાસે લઈ ગયો. તરવાડીની કેડે એક દોરડું બાંધી તેને કૂવામાં ઉતાર્યો.

પછી માલિક, જેનું નામ વશરામ ભૂવો હતું તે, બોલ્યો : ‘‘કૂવા રે ભાઈ કૂવા !’’

અને કૂવાને બદલે વશરામ પોતે કહે : ‘‘શું કહો છો, વશરામ ભૂવા ?’’

વશરામ કહે : ‘‘ડબકાં ખવરાવું બે-ચાર ?’’

વળી કૂવાને બદલે વશરામ બોલ્યો : ‘‘ખવરાવ ને ભાઈ દસ-બાર !’’

તરવાડીના તો નાકમાં અને મોંમાં પાણી પેસી ગયું, તેથી દલો બહુ કરગરીને કહેવા લાગ્યો : ‘‘ભાઈસા’બ ! છોડી દે. હવે કોઈ દિવસ ચોરી નહિ કરું. આજ એક વાર જીવતો જવા દે; તારી ગાય છું.’’

વશરામ ભૂવાએ તરવાડીને બહાર કાઢ્યા અને જવા દીધા. તરવાડી ફરી વાર ચોરી કરવી ભૂલી ગયા, ને ભટ્ટાણીનો રીંગણાંનો સ્વાદ સુકાઈ ગયો !

# મગર અને શિયાળ

એક હતી નદી. એમાં એક મગર રહે. એક વાર ઉનાળામાં નદીનું પાણી સાવ સુકાઈ ગયું. ટીપુંય પાણી ન મળે. મગરનો જીવ જાઉં જાઉં થવા લાગ્યો. મગર હાલીયે ન શકે ને ચાલીયે ન શકે.

નદીથી દૂર એક ખાડો હતો. એમાં થોડુંક પાણી રહ્યું હતું. પણ મગર ત્યાં જાય શી રીતે ? ત્યાંથી એક કણબી જતો હતો. મગર કહે : ''એ કણબીભાઈ, એ કણબીભાઈ ! મને ક્યાંક પાણીમાં લઈ જા ને ! ભગવાન તારું ભલું કરશે.''

કણબી કહે : ''લઈ જાઉં તો ખરો, પણ પાણીમાં લઈ જાઉં ને તું મને પકડી લે, તો ?''

મગર કહે, ''છટ્ છટ્, હું તને પકડું ? એવું બને જ કેમ ?''

પછી કણબી તો એને ઉપાડીને પેલા ખાડા પાસે લઈ ગયો ને પાણીમાં નાખી. પાણીમાં પડતાંની સાથે જ મગર પાણી પીવા લાગી. કણબી એ જોતો જોતો ઊભો હતો, એટલામાં મગરે પાછા વળીને કણબીનો પગ પકડ્યો.

કણબી કહે : ''તેં નહોતું કીધું કે તું મને ખાઈશ નહિ ? તો હવે મને કેમ પકડે છે ?''

મગર કહે, ''જો, હું તો કંઈ તને પકડત નહિ. પણ મને ભૂખ એટલી બધી લાગી છે કે ખાધા વિના મરી જઈશ. એમાં ઊલટી તારી મહેનત નકામી જાય ને ? આઠ દિવસની તો ઉપવાસી છું.''

અને મગર કણબીને પાણીમાં ખેંચવા લાગી. કણબી કહે : ‘‘જરા ઊભી રહે; આપણે કોઈની પાસે ન્યાય કરાવીએ.’’

મગરે મનમાં વિચાર્યું : ભલે ને જરા ગમ્મત થાય ! એણે તો કણબીનો પગ મજબૂત પકડી રાખ્યો ને બોલી : ‘‘પૂછ – તું તારે ગમે તેને પૂછ.’’

એક ઘરડી ગાય ત્યાંથી જતી હતી. કણબીએ એને બધી વાત કહીને પૂછ્યું : ‘‘તું જ કહે ને, બહેન ! આ મગર મને ખાય છે, એ તે કાંઈ ઠીક કહેવાય ?’’

ગાય કહે : ‘‘મગરબહેન ! તું તારે ખાઈ જા ઈ કણબાને. એની જાત જ ખરાબ છે. દૂઝણાં હોઈએ ત્યાં સુધી રાખે, ને ઘરડાં થયાં કે કાઢી મૂકે. કેમ કણબા ! સાચી વાત ને ?’’

એટલે મગર કણબીને જોરથી ખેંચવા લાગી. કણબી કહે : ‘‘જરા વાર થોભ; બીજા કોઈને આપણે પૂછીએ.’’

ત્યાં એક લૂલો ઘોડો ચરતો હતો. કણબીએ બધી વાત એને કહી ને પૂછ્યું : ‘‘કહે ભાઈ ! આ કાંઈ સારું કહેવાય ?’’

ઘોડો કહે : ‘‘મહેરબાન ! સારું નહિ ત્યારે શું ખરાબ ? મારી સામું તો જો ? મારા ધણીએ આટલાં વરસ મારી પાસે ચાકરી કરાવી ને હું લંગડો થયો એટલે મને કાઢી મૂક્યો ! માણસની જાત જ એવી છે ! મગરબાઈ, ખુશીથી ખાઈ જા એને.’’

મગર તો પાછી કણબીનો પગ વધારે જોરથી ખેંચવા લાગી. કણબી કહે : ‘‘જરાક થોભી જા. હવે એક જ જણને પૂછી જોઈએ. પછી ભલે તું મને ખાજે.’’

ત્યાંથી નીકળ્યું એક શિયાળ. કણબી કહે : ‘‘શિયાળભાઈ ! મહેરબાની કરીને જરા અમારો એક ન્યાય કરશો ?’’

દૂરથી શિયાળે કહ્યું : ‘‘શું છે, ભાઈ ?’’ કણબીએ સઘળી વાત કરી. શિયાળ એકદમ સમજી ગયું કે મગરનો વિચાર કણબીને ચટ કરી જવાનો છે. એટલે તે બોલ્યું : ‘‘હેં કણબી ! ત્યાં કોરી જગ્યાએ તું પડ્યો હતો ?’’

મગર કહે : ‘‘ના રે, ના ! ત્યાં તો હું પડી’તી.’’

શિયાળ કહે : ‘‘હં હં, મને બરાબર સમજાયું નહોતું. ઠીક, પછી શું થયું ?’’

કણબીએ વાત આગળ ચલાવી. શિયાળ કહે : ‘‘શું કરું ? – મારી અક્કલ ચાલતી નથી; કાંઈ સમજાતું નથી. ફરીથી બરાબર કહે. પછી શું થયું ?’’

મગર જરા ચિડાઈને બોલી : ‘‘જો, હું કહું છું. આ જો, હું ત્યાં પડી હતી.’’

શિયાળ જરા માથું ખંજવાળતું વળી બોલ્યું : ‘‘ક્યાં ? કેવી રીતે ?’’

મગર તો વાત કહેવાના તોરમાં આવી ગઈ. એણે કણબીનો પગ છોડ્યો અને પોતે ક્યાં ને કેવી રીતે પડી હતી તે બતાવવા લાગી.

તરત શિયાળે કણબીને નિશાની કરી કે, ભાગ ! કણબી ભાગ્યો ને શિયાળ પણ ભાગ્યું. પછી ભાગતાં ભાગતાં શિયાળ બોલ્યું : ''મગરબાઈ ! હવે સમજાયું તું કેવી રીતે પડી હતી તે ! કહે જોઈએ – પછી શું થયું ?''

મગર તરફડતી પડી રહી ને શિયાળ ઉપર ખૂબ દાંત પીસવા લાગી.

## વનકો જોડા લઈ ગયો !

''કાલે આપણી નિશાળમાં વિશ્વાના જોડા કો'ક લઈ ગયું. કહે છે કે વનકો લઈ ગયો. વનકો છે જ એવો !''

''તને ઈ કોણે કહ્યું ?''

''મને તો લખડો કહેતો'તો.''

''પણ લખડો ક્યાં સાચું બોલે છે ? ચાલ, લખડાને પૂછીએ.''

''હેં લખડા ! વનકો વિશ્વાના જોડા લઈ ગયો, ઈ વાત સાચી કે ?''

''ભાઈ ! મને બરાબર ખબર નથી. પણ રામકો કહેતો'તો કે છનકે એને કહ્યું કે વનકો જોડા લઈ ગયો છે.''

"ચાલો ત્યારે છનકાને જ પૂછીએ."

"એલા છનકા ! આ વિશ્વાના જોડા કોણ લઈ ગયું ?"

"કોણ શું ? – વનકો લઈ ગયો !"

"તને ક્યાંથી ખબર ?"

"મને તો ભગલો કહે કે વનકો જોડા લઈ ગયો છે."

"આ ભગલો આવે ! અલ્યા ભગલા, તેં વનકાને જોડા લેતાં ભાળ્યો'તો કે ?"

"ભાઈ, ભાળ્યો તો નથી. ઓલ્યો રવલો કે'તો'તો કે વનકો જોડા લઈ ગયો. પણ આ વિશ્વો પોતે આવે."

"અલ્યા વિશ્વા ! તારા જ જોડાની તપાસ કરીએ છીએ. કહે છે કે વનકો લઈ ગયો છે."

"હા ભાઈ ! ઈ જ લઈ ગયો છે. મને ઓલ્યો રામલો કહેતો'તો કે રવલો કહે છે કે વનકો ચોર છે."

"ચાલો ત્યારે રવલાને પૂછીએ."

"એલા રવલા ! આ વિશ્વાના જોડા વનકો લઈ ગયો છે ?"

"ઈ નહિ તો બીજો કોણ લઈ જાય ?"

"પણ તેં જોડા લેતાં ભાળ્યો'તો કે ?"

‘‘હું કાંઈ ત્યારે પાસે ઊભો’તો ? એ તો ભીમલો કહેતો’તો કે વનકો લઈ ગયો છે !’’
‘‘એલા ચાલો બધા, ભીમલાને ઘેર ચાલો.’’
‘‘હેં ભીમલા ! તેં તો વનકાને જોડા ચોરતાં ભાળ્યો’તો ને ?’’
‘‘ભાઈ ! મેં મારી નજરે નથી ભાળ્યું. કો’ક કહેતું’તું કે વનકો ચોર છે !’’

## ‘શા’બ, છોકરાં રાખતો’તો !’’

બાદશાહ ને બીરબલ બેઠા હતા.
બાદશાહ કહે : ‘‘એલા, બીરબલ ! કચેરીમાં મોડો કેમ આવ્યો ?’’
બીરબલ કહે : ‘‘શા’બ, શું કરું ? – છોકરાં રાખતો’તો !’’
બાદશાહ કહે : ‘‘પણ એમાં આટલું મોડું શાનું થાય ?’’
બીરબલ કહે : ‘‘શા’બ ! છોકરાં રાખવાં બહુ આકરાં.’’
બાદશાહ કહે : ‘‘હવે એમાં શું – છોકરાં રાખવાં એમાં ? રોવે-કારવે તો પાઈ-પૈસો આપીએ કે સેવ-મમરા ખવરાવીએ !’’
બીરબલ કહે : ‘‘શા’બ, અનુભવ કરી જુઓ, પછી ખબર પડશે !’’

બાદશાહ કહે : ''એમાં અનુભવ શો કરવો – એવી નમાલી વાતમાં ?''
બીરબલ કહે : ''લ્યો ત્યારે, હું છોકરો થાઉં – તમે મને રાખી દ્યો !''
બાદશાહ કહે : ''ઠીક, લે ત્યારે, હું બાપ થાઉં ને તું છોકરો થા.''
એટલે બીરબલ કહે : ''એં...એં...એં...! બાપા, મારે દૂધ પીવું છે.''
બાદશાહ કહે : ''એય, દૂધ લાવો.''
દૂધ આવ્યું. બીરબલે પીધું.
''એં...એં...એં...! બાપા, મારે ખંધોલે બેસવું છે.''
''એલા, ખંધોલે તે બેસાય ?''
''પણ બાદશાહનો દીકરો છું ને ?''
બાદશાહે બીરબલને ખંધોલે બેસાર્યો ને હેઠે ઉતાર્યો.
''એં...એં...એં... ! બાપા, મારે શેરડી ખાવી છે.''
બાદશાહે શેરડીનો સાંઠો મગાવ્યો.
''એં...એં... ! બાપા ! કટકા કરી દ્યો.''
બાદશાહે કટકા કરી દીધા.
''એં...એં...એં...! હવે અમને શેરડી આખી કરી દ્યો !''

બાદશાહ કહે : ‘‘લે લે, રાખ હવે ! કટકા કરેલી શેરડી વળી આખી થતી હશે ક્યાંઈ ? માળા મૂરખા !’’

‘‘એં...એં...એં....! નઈં, અમને શેરડી આખી કરી દ્યો !’’

‘‘એલા સાંભળતો નથી ? શેરડી આખી ક્યાંથી થતી’તી ?’’

બીરબલ રોવા માંડ્યો : ‘‘એં...એં...એં... ! કટકા નઈં, અમને શેરડી આખી કરી દ્યો !’’

‘‘હવે જા – શેરડીવાળો નો’તો ભાળ્યો !’’

‘‘નઈં બાપા ! અમારી શેરડી...’’

‘‘એલા, બીજો આખો સાંઠો લાવો.’’

‘‘નઈં, નઈં ! આ કટકાનો જ આખો કરી દ્યો – બીજો નઈં !’’

બાદશાહ કહે : ‘‘માળો કાલો લાગે છે.’’

બીરબલ કહે : ‘‘નઈં નઈં નઈં, મારી શેરડી આખી કરી દ્યો !’’

બાદશાહ કહે : ‘‘આ માથાઝીંક તે કોણ કરે ? – એલા, કોઈ હાજર છે કે ? આ છોકરાને લઈ જાઓ !’’

બીરબલ હસી પડ્યો.

બાદશાહ કહે : ‘‘માળા બીરબલ ! તારું કહેવું સાચું, હોં !’’

# ખરેખરો લોભિયો

ખરેખરો લોભિયો. પક્કો પક્કો લોભિયો. લોભિયાનો લોભિયો.

ભાઈને ટોપરું ખાવાનો વિચાર થયો. કહે : ''લાવ, બજારમાં જાઉં ને ભાવ તો પૂછું ?''

''અલ્યા નાળિયેરવાળા ! આ નાળિયેરનું શું લઈશ ?''

''કાકા ! બે રૂપિયા.''

''બે રૂપિયા ? એ આપણું કામ નહિ. રૂપિયાનું નાળિયેર ક્યાંય મળે કે ?''

''કાકા ! જરા આગળ જાઓ તો ગામ બહાર વખારમાંથી મળશે.''

''ચાલને વખાર સુધી જાઉં ! એક રૂપિયો બચતો હોય તો પગ છૂટો થશે ને બધી વાત.''

''અલ્યા વખારવાળા ! નાળિયેરનું શું લે છે ?''

''કાકા ! એક રૂપિયો. આ પડ્યાં – જોઈએ એટલાં લઈ જાઓ !''

''અરે ! આટલે આવ્યો ને એક રૂપિયો ? પચાસ પૈસે આપ, પચાસ પૈસે.''

''કાકા ! જરા આગળ જાઓ; બંદર ઉપર પચાસ પૈસે મળશે.''

''પચાસ પૈસા વાટમાં ક્યાં પડ્યા છે ? ને એટલું ચાલશું તો પગને શું થઈ જશે ? લાવને, બંદર સુધી જાઉં !''

‘‘અલ્યા વહાણવાળા ! આ નાળિયેર કેમ આપ્યાં ? આ તો સારાં લાગે છે !’’

‘‘કાકા ! એમાં ભાવ કરવાનો તે હોય ? પચાસ પૈસે નાળિયેર.’’

‘‘અરે રામ ! આટલું ચાલ્યો એ પાણીમાં ગયું ? પાવલીમાં આપીશ, પાવલીમાં ? આ લે રોકડી.’’

‘‘કાકા ! પાવલીનું નાળિયેર અહીં ન હોય. આ પેલા રાનમાં જાઓ, ત્યાં તમારે જોઈએ એટલાં નાળિયેર મળશે. પાવલીનું એક, પાવલીનું એક !’’

‘‘આટલા ભેગું આટલું. ચાલને રાનમાં જ જાઉં ! પાવલી બચતી હોય તો એક ટંક દૂધ આવશે. પાવલી ક્યાં મફત આવે છે ?’’

‘‘અલ્યા રાનવાળા ! અહોહો ! કાંઈ નાળિયેરનો ઢગલો છે ! શો ભાવ કર્યો નાળિયેરનો ?’’

‘‘અરે કાકા ! અહીં ભાવ કરવાનો હોય ? પાવલીનું એક એક – લઈ લ્યો જોઈએ એટલાં ! આ મોટાં રાવણમથ્થાં નાળિયેર પડ્યાં છે તે.’’

‘‘હાય પ્રભુ ! આટલે આવીને તે પાવલી કોણ ભાંગે ? આ તો ઊલટું મૂંડામણમાં જાય. આ રાન સુધી આવ્યો, પગ ઘસ્યા, જોડા ઘસ્યા – ને એક નાળિયેરની પાવલી આપવી, એ કોણે કહ્યું ? ભાઈ, પાવલી-બાવલીની વાત કર મા, ભલા માણસ ! એક નાળિયેર તો મફત દે ? ભલા, બ્રાહ્મણ છું.’’

‘‘કાકા ! એ વાત કરશો નહિ. તમારે મફત જોઈતું હોય, તો આ રહી નાળિયેરી – ઉપર ચડીને

જોઈએ તેટલાં તોડી લ્યો ! આ પાવલી તો ઉપર ચડવાની છે. નાળિયેરની ક્યાં ખોટ છે ?''

''હેં ! ઉપર ચડું તો મફત નાળિયેર ! જોઈએ એટલાં ? ચડવા દે ત્યારે. જે થશે તે ખરી.''

લોભિયાભાઈ નાળિયેરી ઉપર ચડ્યા. ''આટલાં બધાં નાળિયેર આ ઘડીએ ઉતારું, ને આટલાં બધાં લઈ જાઉં ! એક પૈસો યે દેવાનો નહિ ! આવું ફરી ક્યાં મળશે ?''

લોભિયાભાઈ ઉપર પહોંચ્યા. લાંબો હાથ કરીને નાળિયેર લેવા જાય ત્યાં પગ છટક્યા. ને લોભિયાભાઈ લટક્યા ! આમ જાય ને તેમ જાય, ભાઈ હવામાં હીંચકા ખાય ! કરવું શું ? માર્યા !

''એ ભાઈ રાનવાળા ! મને હેઠો ઉતાર ને.''

''બાપુ ! એ મારું કામ નહિ. તું તારે જોઈએ એટલાં નાળિયેર લે – હું ક્યાં પૈસા માગું છું.''

''એ ઊંટવાળા ! આ જરાક મારા પગને સરખા કરને ? ભલા, પાડ માનીશ.''

''અરે બિચારો આદમી ! લાવને જરા પગ સરખા કરું – એમાં મારું શું જાય છે ?''

ઊંટ ઉપર ઊભો થયો, લોભિયાના પગ પકડ્યા, હળવેથી ઝાડ ઉપર મૂકવા ગયો – પણ ઊંટિયો તે ઊંટિયો ! એટલી ખબર ન પડે કે જરાક ખસીશ ત્યાં પેલો લટકી રહેશે !

લીલી લીલી ડાળી ને લીલાં લીલાં પાન. ઊંટિયાનું મન રહે કે ? આ લાંબી ડોક લંબાવીને જરાક છેટે ખસ્યો – એટલે જોઈ લ્યો ગમ્મત ! એકને બદલે બે લટક્યા. જોઈ લ્યો એમનો દેખાવ !

હવે – હવે શું કરવું ?

‘‘એ ભાઈ ઘોડાવાળા ! બાપુ, જરાક દયા કરતો જા ને ! આ મારા પગને ભરાવતો જા.’’

‘‘ત્યાં ક્યાં હળ હાંકવાં છે તે વાર લાગશે ? આ ઘોડા ઉપર ઊભો રહીશ ને હમણાં પગ સરખા કરી દઈશ.’’

પણ ઘોડો કાંઈ ઊંટમાંથી જાય કે ? લીલું ખડ કોને ન ભાવે ? આ ડોક નીચી કરી, ને આ સ્વારના પગ લપસ્યા ! ઘોડેસ્વાર બિચારો શું કરે ? પકડ ઊંટસ્વારના પગ ! જોઈ લ્યો તમાસો !..... એકને બદલે ત્રણ લટક્યા.

ઘોડાવાળો કહે : ‘‘એ ભાઈ ઉપરવાળા પહેલા ભાઈ ! જોજે, નાળિયેર છોડીશ મા. હમણાં કોઈક નીકળશે. બરાબર પકડી રાખજે હોં ! રૂપિયા સો આપીશ.’’

ઊંટવાળો પણ કહે : ‘‘એ ભાઈ ઉપરવાળા ભાઈ ! જોજે નાળિયેર મૂકી દેતો ! બરાબર પકડી રાખજે – રૂપિયા બસો આપીશ.’’

‘‘બસો ને એકસો – ત્રણસો રૂપિયા ? અધધધ ! આટલા બધા ?’’ આટલું બોલ્યો ત્યાં લોભિયાના હાથ પહોળા થયા ને નાળિયેરીએથી છૂટી ગયા. ત્રણે જણા હેઠે !

લોભિયાભાઈનું શું થયું ? સો યે વરસ પૂરાં કે ?

# ચોર પકડ્યો

દિલ્હી શહેરમાં એક શેઠને ત્યાં જબરદસ્ત ચોરી થઈ.

તપાસ તો ઘણી થઈ, પણ ચોરનો પત્તો ન મળે.

''આવડી મોટી ચોરીનો પત્તો નહિ ?'' રાજ આખામાં વાતો થવા લાગી.

અકબરશાહને કાને વાત પહોંચી. તેના મનને ખોટું લાગ્યું. ''આવડો મોટો હું બાદશાહ, આવડું મોટું મારું રાજ, આટલી મોટી મારી પોલીસ, ને ચોર ન પકડાય ?''

કચેરી ભરાઈ ને બાદશાહે બીરબલને પૂછ્યું : ''બીરબલ ! આ ચોરી હજી કેમ પકડાતી નથી ?''

''હજૂર ! પોલીસને માલૂમ.''

બાદશાહે પોલીસ સરદારને ફરમાન કર્યું : ''આઠ દિવસમાં ચોરને પકડી હાજર કરો. નહિ તો ઘાણીએ ઘાલી તેલ કાઢશું !''

કચેરી બરખાસ્ત થઈ. અમીરઉમરાવો સૌ સૌને ઘેર ગયા.

પણ પોલીસ અમલદાર મુંઝાયો. ચોર ક્યાંથી કાઢવો ? ને આઠ દિવસ પછી મોત માથે ઊભું જ છે !

ઘણી મહેનત કરી, પણ ક્યાંય પત્તો ન મળે.

છેલ્લો દિવસ આવ્યો. પોલીસ અમલદાર ખૂબ મૂંઝાયો : ''થઈ રહ્યું, આવતી કાલે હવે મોત આવ્યું !''

અમલદાર મૂંઝાઈને ખાટલા પર પડ્યો હતો. દીકરીએ કહ્યું : ''બાપુ ! બીરબલને પૂછો ને ? બીરબલ બહુ ચતુર છે. એ રસ્તો બતાવશે.''

પોલીસ અમલદાર બીરબલ પાસે આવ્યો.

બીરબલે વાત સાંભળી લીધી. ''ઠીક છે. કાલે સવારે આવજો. ખુદા મહેરબાન, તો ચોર જરૂર પકડાશે.''

અમલદાર વિચાર કરતો ઘેર ગયો.

બીરબલ ઊઠી શેઠિયાને ઘેર ગયો. ઘરની બધી સ્થિતિ જોઈ લીધી; બધી તજવીજ કરી લીધી. શેઠને કહી દીધું : ''સાંજે આપના ચારે નોકરોને મારે ત્યાં મોકલજો.''

સાંજે શેઠના ચારે નોકરો બીરબલને ત્યાં હાજર થયા. બીરબલે સામે બેસારી ચારેની સિક્કલો જોઈ લીધી. પછી તેણે ચાર લાકડી કાઢી ને દરેકને એક એક આપીને કહ્યું : ''તમારે આજની રાત અહીં સૂવાનું છે. ચારે જણા માટે ચાર ઓરડીઓ જુદી જુદી છે. આ એક એક લાકડી આપું છું તે ઓશીકે રાખીને સૂવાનું છે. આ લાકડીની ખૂબી એવી છે કે જેને ચોરીની ખબર હશે તેની લાકડી રાતમાં ચાર આંગળ વધી જશે, ને જે ચોરીની વાતમાં જાણતો નહિ હોય તેની લાકડી એટલી ને એટલી જ લાંબી

રહેશે.''

ચારે નોકરો પોતપોતાની ઓરડીમાં ગયા, ને ઓશીકે લાકડી મૂકી સૂતા.

ત્રણ નોકરો તો સૂતાવેંત ઊંઘી ગયા. તેઓ ચોરીની વાતમાં કશું જાણતા ન હતા; તેમને મન કશાની ચિંતા પણ ન હતી. પણ એક નોકરને કેમે કરી ઊંઘ આવે નહિ. વારે વારે લાકડી હાથમાં લે ને વિચાર કરે : ''શું કરું ? સવાર પડશે ને ચાર આંગળ વધી જશે ! તો તો પકડાઈ જ જાઉં ના ? હવે શું થાય ?''

ત્યાં એક વિચાર સૂઝ્યો. ચારે કોર આંખ ફેરવી. બીરબલે દરેક ઓરડામાં એક સારું એવું ચપ્પુ મૂકી જ રાખ્યું હતું. નોકરે તે ઉપાડ્યું, લાકડી ઉપર ચાર આંગળ ભરી કાપો કર્યો ને ચપ્પુ વડે ચાર આંગળ જેટલી લાકડી કાપી નાખી. પછી લાકડી ઘસી કારવી પહેલાંની જેમ જ ટોપકું જેવું મેલું ને વપરાયેલું હતું તેવું કરી નાખ્યું ને મનમાં બોલ્યો : ''હાશ ! હવે ફિકર નહિ. હવે ભલે ને ચાર આંગળ વધતી ! વધશે એટલું તો કાપી નાખ્યું છે, એટલે સવારે તો હતી એટલી જ રહેશે.''

ત્યાર પછી તે સૂતો ને નિરાંતે સવાર સુધી ઊંઘી રહ્યો.

બધા નોકરો ઊઠે તે પહેલાં જ બીરબલે ઓરડીઓનાં બારણાં ઉઘડાવ્યાં ને નોકરોને લાકડીઓ લઈ હાજર થવા કહ્યું.

ચારે જણા પોતપોતાની લાકડીઓ લઈને હાજર થયા.

ત્રણના મનમાં તો ચિંતા જ ન હતી. ચોથાને પણ હતું કે લાકડી તો એટલી ને એટલી જ રહેવાની છે !

ત્રણ નોકરોની લાકડી જોવાઈ ગઈ; ત્રણે જણને રજા આપી દીધી. ચોથાની લાકડી લીધી – પણ તે તો ચાર આંગળ ટૂંકી નીકળી !

બીરબલે તે માપી ને ચોથા નોકરે તે જોઈ. તે તો સજ્જડ જ થઈ ગયો !

તે કહે : ‘‘સાહેબ ! હું જાણતો નથી કે એ કેમ ટૂંકી થઈ, સાહેબ ! હું તો ઓશીકે રાખીને સૂઈ જ ગયો હતો.’’

પણ ત્યાં તો પોલીસ અમલદાર ને એનો કોરડો હાજર હતા.

એક ઘડીકમાં નોકર બધું માની ગયો ને ચોરાઉ માલ રજૂ કર્યો.

પોલીસ અમલદારે બીરબલનો આભાર માન્યો, શેઠનો માલ પાછો મળ્યો અને બાદશાહને પણ આનંદ થયો.

## પીરુ

પીરુ જુવાન હતો. કાંડામાં બળ હતું, પગમાં જોર હતું, ચહેરો ગુલાબી હતો.

પીરુ માથે ઓડિયાં રાખે. ડિલે તસતસતું કેડિયું પહેરે અને હાથમાં ડાંગ રાખે. પીરુ જુવાન હતો.

બાપા ઘરડા હતા, સિત્તેર વરસનું ઠોઠું. માથે પળી ને આંખે મોતિયો. પગ ચાલતા નહોતા.

બાપાને પીરુ વહાલો, ને પીરુને રમજુ વહાલો. પીરુ બાપાનો, ને રમજુ પીરુનો. બેઉ બાપાના તો ખરા જ, પણ પીરુ બાપાનો ને રમજુ પીરુનો. બાપને મન છ માસનો રમજુ યે છોકરું, ને અઢાર વર્ષનો પીરુ યે છોકરું.

બાપા ઓશરીમાં બેસે, બજર સૂંઘે, બંદગી કરે, બે ટંક રોટલા ખાય, ને રમજુને હેત કરી રમાડે. પીરુ ઘાણી હાંકે, તેલ વેચે, ઘરાક સાચવે, પૈસા ગણે ને વેપાર ચલાવે.

બાપા ઓશરીમાં બેઠા બેઠા પીરુને હરતોફરતો જોઈ રાજી થાય. પીરુ વારેઘડીએ ઘરમાં જઈ જઈ રમજુને રમાડે.

બાપાને પીરુની પહેલી ફિકર, ને પીરુને રમજુની પહેલી ફિકર. પણ પીરુને મન બાપાની ફિકર લેખામાં યે નહિ ! ને રમજુ ક્યાં પીરુની ફિકર સમજે તેમ હતો ?

બાપા કહેશે : ''પીરુ ! અડધી રાતે બહાર ચાલ્યો, તે લાકડી લેતો જજે. અને જોડા પણ પહેરતો જજે.''

પીરુ કહેશે : ''બાપા ! એટલી બધી ફિકર શું કામ કરો છો ? અમને એટલી ખબર નહિ પડતી હોય ?'' પીરુ જાણી જોઈને જોડા પહેર્યા વિના જ ચાલ્યો જાય. પોતે જુવાન હતો ના !

બાપાનો જીવ કળીએ કળીએ કપાય. પણ પીરુને તો ગગનમાં ગાજે !

કડકડતી ટાઢ પડતી હોય ને પીરુ ઉઘાડે ડિલે બળદને નીરણ નાખતો હોય. બાપા કહેશે :

‘‘પીરુ ! પછેડી ઓઢ, પછેડી; ક્યાંઈક ઝપટમાં આવી જઈશ, ઝપટમાં !’’

પીરુ કહેશે : ‘‘બાપા ! ઈ ટાઢ તો તમને ઘરડાને વાય; મને તો ઊલટો ઘામ થાય છે ઘામ !’’

છોકરો મોટો અને જુવાન; વખતે આવું એલફેલ બોલી નાખે. બાપા કહેશે : ‘‘હશે ! અણસમજુ છે.’’ તોયે આખરે બાપ !

ઉનાળાના ખરા બપોર તપતા હતા, ને સૂરજ માથે આવ્યો હતો. પીરુ છાપરું ચાળતો હતો. બાપાએ બૂમ પાડી : ‘‘એ પીરુ ! હવે તો હેઠો ઊતર – ક્યારનો ચડ્યો છે તે આ બપોર થઈ ગયા.’’

પીરુ કહે : ‘‘બાપા, હવે એક કાવું ઢાંકીને આ ઊતર્યો ! બાપા, હમણાં જ ઊતર્યો સમજો.’’

પીરુ નળિયાં ફેરવતો હતો; પણ બાપા ઉતાવળા થયા. એને એમ કે, મારો પીરુ તડકે તપે છે; વખતે એનું આંખમાથું દુ:ખે. બાપે ફરી બૂમ પાડી; ‘‘પીરુ ! હેઠો ઊતર્યો કે ? માથે ધોમ ધખ્યો છે – ખબર નથી પડતી ? આ રોટલાવેળા તો થઈ !’’

પીરુ તડકામાં તપ્યો : ‘‘આ અડધું કાવું ઢાંકીને ઊતરું છું, ત્યાં આવડી ઉતાવળ શી છે ? બાપુ ! ભૂખ લાગી હોય તો તમે ખાઈ લ્યો ને ! એમ તો વાર લાગશે.’’

બાપ વિચારમાં પડ્યો; જરા માઠું લાગ્યું. તેનાથી ન રહેવાયું. ઊંચે સાદે બોલ્યો : ‘‘એલા પીરુ ! ગાંઠતો નથી કે ? આ માથે આગ વરસે છે, ને કાવું ઢાંકવા બેઠો છે ? ત્યાં ભૂખની કોને પડી છે ? – મને તો તારી ફિકર છે !’’

પીરુ બબડ્યો : ''આ બાપા જોને ? એને મારી ફિકર થાય છે ! હું નાનો રમજુ હોઈશ, ખરું ના ? એ બાપા ! તમે તમારે નિરાંતે બેસો. હું કાંઈ કીકલો નથી – મને શાનો તડકો લાગે ? આ ઢાંકીને ઊતર્યો.''

બાપા કહે : ''એલા, અબઘડીએ ને અબઘડીએ ઊતરે છે કે નહિ ? મારે તારું કાવું નથી ઢાંકવું ! એક વાર હેઠો ઊતરે છે કે નહિ ? આ તડકો નથી જોતો ?''

પીરુ કહે : ''બાપા ! તમે તમારે ગમે એમ કરો. ગમે તો રાડો નાખો, ને ગમે તો બેઠા રહો. આ કાવું ઢાંક્યા પછી બીજી વાત...ને તડકો તમને ક્યાં લાગે છે, તે તડકો-તડકો કરીને માથું પકવો છો ? તડકો લાગવાની શું અમને ખબર નહિ પડતી હોય ?''

બાપાનો જીવ દુઃખાયો. બાપા ખિજાયા. ઘરમાં દોડ્યા ને રમજુનું ઘોડિયું ઉપાડ્યું. ધ્રૂજતે હાથે ને લથડતે પગે ઘોડિયું બહાર કાઢ્યું ને ફળિયામાં મૂક્યું : ''લે ત્યારે, જો હવે તડકો લાગવાની ખબર પડે છે કે નહિ ? હવે હેઠો ઊતરે છે કે નહિ ?''

ઠેકડો મારીને પીરુ હેઠો ઊતર્યો : ''હં હં, બાપુ ! આ શું કર્યું ? આ રમજુડો મરી જશે ! આવડા બાળકને આગમાં મૂકતાં વિચાર નથી આવતો ?''

પીરુએ એક જ હાથે ઘોડિયું ઉપાડીને ઓશરીની કોર ઉપર મૂક્યું.

બાપે કહ્યું : ''બેટા ! રમજુ તને કેવો વહાલો છે ! એવો જ તું મને વહાલો છે. જેવો તું એનો

બાપ, એવો જ હું તારો બાપ. જેવો રમજુ પીરુને મન કીકો, એવો જ પીરુ મારે મન કીકો ! જેવો તારો રમજુ, એવો જ મારો તું. સમજ્યો, બાપુ ?''

ડોસાની આંખમાં આંસુ આવ્યાં. પીરુ શરમાઈ ગયો; તેણે નીચું જોયું. તેની આંખમાંથી પણ આંસુ ખર્યાં.

## વાત કહેવાય એવી નથી

''ભાઈ ! ઈ વાત કહેવાય એવી નથી. એમાં વારે વારે શું પૂછે છે ? એક વાર કહ્યું કે ઈ વાત કહેવાય એવી નથી.''

''પણ ભાઈ ! એવી વાત શી છે ? કહો તો ખરા – મારાથી એવું શું ખાનગી છે ?''

''ખાનગી કે બાનગી, તારાથી કે મારાથી – મેં તને ન કહ્યું કે ઈ વાત કહેવાય એવી નથી ?''

''પણ એવી તે વાત કેવી કે મને ય ન કહેવાય ?''

''ભાઈ ! ન કહેવાય. તને શું ? – કોઈને ય ન કહેવાય ! ઈ વાત કોઈને કહેવાય એવી નથી. માણસ હોય તો સાનમાં સમજે. કંઈક ન કહેવાય એવું હશે ત્યારે ને ?''

''ભાઈ ! મારાથી તો કાંઈ સંતાડવાનું નથી ને ?''

''એમાં સંતાડવાનું ક્યાં છે ? હું તો કહું છું કે ઈ વાત કહેવાય એવી નથી.''

''કીધે શી ખોટ જાય એમ છે ? કહેવાય એવી વાત નથી – તે કાંઈ ચોરની વાત છે, કે કાંઈ

મોળી વાત છે ?''

''કોણ કહે છે ખરાબ વાત છે ? કોણ કહે છે ચોરની વાત છે ? મેં કહ્યું કે મોળી વાત છે ? વાત ન પણ કહેવાય ! બધી વાત કાંઈ કહેવાય એવી હોય છે ?''

''પણ ભાઈ ! ન કહેવાનું કારણ હોય ને ? કાંઈ વિનાકારણે ન કહેવાય એમ હોય ?''

''કારણે ય હોય ને બારણે ય હોય; હોયે તે ને નયે હોય !''

''પણ કાંઈ કારણ તો હોય ને ?''

''છે જ એવું – વાત જ કહેવાય એવી નથી !''

''ભાઈ ! મને તો કહે – હું કોઈને નહિ કહું.''

''એમાં કોઈને ન કહેવાની વાત ક્યાં છે ? તું કોઈને કહી દઈશ, એમ પણ ક્યાં છે ?''

''ત્યારે મારા ઉપર એટલો વિશ્વાસ નથી ?''

''અરે, ભલી બહેન ! વિશ્વાસનું ક્યાં કૂટે છે ? આ તો વાત કહેવાય એવી નથી.''

''પણ ભાઈ ! વાતમાં એવું તે શું બળ્યું છે ? વાત કાંઈ એમ કહે છે કે 'હું કહેવાઉં એવી નથી ?' તારે કહેવી છે ક્યાં ?''

''બાપુ ! એવું કાંઈ નથી. હું તો આ ઘડીએ કહું – પણ વાત કહેવાય એવી જ નથી.''

''પણ કો'ક જાણી જાય એની બીક છે ? કો'ક જાણી જાય તો વઢે એમ છે ? કોઈને કાંઈ

થાય એમ છે ?''

''એવું કાંઈ યે નથી. કોઈ વઢતું યે નથી, ને કાંઈ બીકેય નથી.... વાત એવી બની છે કે... પણ એમાં કહેવા જેવું છે શું ? વાત છે છેક માલ વિનાની – પણ કહેવાય એવી નથી.''

''આ તો ભાઈ, નવી નવાઈની વાત ! માલ વિનાની વાત – ને પાછી કહેવાય એવી નહિ ! ભાઈ ! કોઈ રીતે કહેવી છે ? જેની હોય એને પૂછીને કહે – પછી છે કાંઈ ?''

''એમાં કોઈને પૂછવાનું ક્યાં છે ? મને જ થાય છે કે વાત કહેવાય એવી નથી.''

''પણ ભાઈ ! કોઈ રીતે કહેવી છે ? કોઈ વાતે ?''

''પણ બહેન ! કહીને શો ફાયદો ? કામ વિનાની વાત, દમ વિનાની વાત, છોકરવાદીની વાત. એમાં કહેવું'તું શું ? કહેવા જેવી નહિ હોય ત્યારે નહિ કહેતા હોઈએ ને ?''

''પણ આટલો મોટો પડારો શો ! કહીએ છીએ કે બાપુ, કહે ને !''

''એમ ? કહું ત્યારે ? – પણ કોઈને કહેતી નહિ, હોં !''

''હું તે કોઈને કહું ?''

''લે સાંભળ ત્યારે – એ તો એમ થયું કે કુસુમબહેને મારા બૂટમાં કાગળના ડૂચા ભર્યા હતા !''

''ઓહોહોહો ! આ તો ભારે વાત !''

## બાળસાહિત્ય : સંસ્કારાત્મક મનોરંજન

બાળકને હોંસે હોંસે વાંચવું ગમે તે ઉત્તમ બાળસાહિત્ય, એમ માનવું બરાબર નથી. છેવટે તો બાળસાહિત્ય એ શિષ્ટ સાહિત્ય હોવું જ જોઈએ, એટલે શિષ્ટ સાહિત્યના ગુણો - આનંદપ્રદતા, ચમત્કૃતિ, લખાણની પ્રૌઢી વગેરે - બાળસાહિત્યમાં પણ હોવાં જ જોઈએ. બાળસાહિત્યનો ઉદ્દેશ બાળકને આનંદ આપવાનો છે, તેને રસતરબોળ કરવાનો છે; પણ એ આનંદ આછકલો, છીછરો, તકલાદી કે પોલો નહિ હોવો જોઈએ. બાળસાહિત્ય એટલે સંસ્કારાત્મક મનોરંજન. આવું બાળસાહિત્ય મોટાંઓ પણ વાંચે તો પોતાની ઉંમરના ને ડહાપણના ભારને તેઓ ભૂલી જાય, હળવાંફૂલ બની જાય.

**રમણલાલ સોની**

❀

## ચાર ખંડ ફરી આવેલી વાર્તાઓ

આ નાનકડા પુસ્તકમાં જે બાળવાર્તાઓ આપેલી છે તે યાત્રાળુઓની માફક દેશાંતર કરે છે. ઘરગથ્થુ લાગતી આ વાર્તાઓ ચાર ખંડ ફરી આવેલી હોય છે. એ કાઠિયાવાડમાં પ્રચલિત છે, પણ તે ક્યાંથી આવીને ક્યારે કાઠિયાવાડમાં વસી હશે ? એકાદ વાર્તા નાઈલ નદીના કાંઠા ઉપરની હશે, તો બીજી સમરકંદમાંથી આવી હશે ? કેટલીક દેશાંતર કરીને જર્મનીમાં ઘર કરીને રહી હશે, તો કેટલીક લાંબો ચોટલો ઉગાડીને ચીની બનીગઈ હશે !

**કાકા કાલેલકર**

[ગિજુભાઈ બધેકા સંપાદિત ‘બાળવાર્તા’ પુસ્તિકાના પહેલા ભાગની પ્રસ્તાવનામાં : 1929]